પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૫૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૧૦-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાન હામૂન એક્ટિવ : ઓડિશા-પશ્ચિમ બંગાળમાં અસર

## દરિયાકાંઠાના વિસ્તારોમાંથી લોકોને દૂર કરવાનો આદેશ, બનાસકાંઠામાં વરસાદ, તાપમાનમાં નહીંવત વધારો.

ભુવનેશ્વર,

અરબી સમુદ્રમાં ચક્રવાત તેજ બાદ બંગાળની ખાડીમાં એક નવું ચક્રવાત બની રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ એક બુલેટિનમાં જણાવ્યું છે કે બંગાળની ખાડી પર એક ડીપ ડિપ્રેશન બની રહ્યું છે. સોમવારે સાંજ સુધીમાં તે ચક્રવાતમાં ફેરવાઈ જશે. આ ચક્રવાતી તોફાનને હામુન નામ આપવામાં આવ્યું છે. ઈરાને આ નામ આપ્યું છે. રવિવારે રાત્રે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધ્યા પછી સિસ્ટમ હાલમાં પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પર સ્થિત છે. તે ઓડિશામાં પારાદીપથી લગભગ ૪૦૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ અને પશ્ચિમ બંગાળમાં દિઘાથી ૫૫૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમમાં કેન્દ્રિત છે. ચક્રવાતના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારમાંથી લોકોને સ્થળાંતર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

આઈએમડીના જણાવ્યા અનુસાર, નીચા દબાણનો વિસ્તાર આગામી ૧૨ કલાકમાં ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. તે ધીમે ધીમે ઉત્તર અને ઉત્તરપૂર્વ તરફ આગળ વધશે. તે ૨૫ ઓક્ટોબરની સાંજની આસપાસ ખેપુપારા અને ચિત્તાગોંગ વચ્ચે બાંગ્લાદેશના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે. આ દરમિયાન, ઓડિશા સરકારે તમામ જિલ્લા કલેક્ટરને કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવા જણાવ્યું છે અને વહીવટીતંત્રને ભારે વરસાદના કિસ્સામાં નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સ્થળાંતર કરવાનો નિર્દેશ આપ્યો છે.



હવામાનશાસ્ત્રી યુ.એસ. દાસે કહ્યું કે, ચક્રવાત હામૂન ઓડિશાના કિનારેથી લગભગ ૨૦૦ કિમી દૂર દરિયામાં જશે. તેમણે કહ્યું કે તેની અસરને કારણે આગામી બે દિવસમાં દરિયાકાંઠાના ઓડિશામાં કેટલાંક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું કે કેઓંઝર, મયૂરભંજ અને ઢેંકનાલ સિવાય ઉત્તર અને દક્ષિણ તટીય જિલ્લાઓમાં કેટલાંક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડશે. મત્સ્યોદ્યોગ અને પ્રાણી સંસાધન વિકાસ વિભાગે માછીમારોને ઊંડા સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.હવામાન વિભાગે પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર, કોલકાતા અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ભાગોમાં વીજળી અને મધ્યમ વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

ગુજરાત માથે હાલ બે-બે વાવાઝોડાની સ્થિતિના ભણકારા વાગી રહ્યા હતા. પરંતુ હવે વાવાઝોડાની અસર મામલે હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહંતીનું નિવેદન સામે આવ્યું છે અને તેમણે જણાવ્યું કે ગુજરાતમાં આગામી પાંચ થી સાત દિવસ વરસાદની હાલ કોઈ શક્યતા નથી અને વાવાઝોડાની અસર પણ ધીમી પડી રહી છે. તેઓએ તેજ વાવાઝોડા અંગે માહિતી આપતા જણાવ્યું કે આ સાયક્લોન હવે વેરી સિવિયરમાંથી નબળું પડીને સિવિયર સાઈકોલોન બની ગયું છે અને તેમની ડાયરેક્શન નોર્થ વેસ્ટ બાજુ છે. જે યમન કોસ્ટને ૨૪મી ઓક્ટોબરના રોજ ક્રોસ કરે તેવી શકયતા જોવા મળી રહી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહંતીના જણાવાયા અનુસાર ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા નથી અને મહત્તમ તથા લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર થાય તેવું કોઈ શક્યતા જોવાય રહી નથી. હાલ સવારનું તાપમાન ૩૬ થી ૩૮ ડિગ્રીનું રહેશે અને રાતના તાપમાનમાં ૨૧ થી ૨૪ સુધી રહે તેવું જણાઈ રહ્યું છે. આ વાવાઝોડાની ગુજરાતને વધુ અસર કરે તેવી કોઈ શકયતા નથી પરંતુ તેમની અસરના ભાગરૂપે બનાસકાંઠાના ઈકબાલગઢમાં વરસાદ શરૂ થઈ ચૂક્યો છે. ચોમાસાની સત્તાવાર વિદાય વચ્ચે પણ વરસાદ ત્રાટકતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કારણ કે એક બાજુ મગફળી કપાળ સહિતનો પાક તૈયાર છે. ત્યારે ખેડૂતોનાં મગફળીના પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હાલ જિલ્લા ભરમાં વાદળછાયું વાતાવરણ છવાયુંછે.

વાવાઝોડાની ગુજરાત પર અસર અંગે તેઓએ જણાવ્યું કે હાલ વાવાઝોડાની ગુજરાત પર કોઈ અસર થાય તેવી સંભાવના વર્તાઈ રહી નથી. એટલું જ નહીં ગુજરાતના દરિયાકાંઠે પણ કોઈ સમસ્યા આવે તેવી શક્યતાઓ નથી પરંતુ માછીમારોને સતર્કતા રાખવા જણાવાયું છે.નોંધનીય છે કે ભારતીય હવામાન વિભાગ દ્વારા આજે તેજ વાવાઝોડુ ક્યાં અને કઈ દિશામાં આગળ વધી રહ્યું છે? તે મામલે સવારે ૩.૨૩ કલાકે અપડેટ આપવામાં આવ્યું હતું જેમાં જણાવ્યા અનુસાર વાવાઝોડું નોર્થ વેસ્ટ મૂવ થઈ શકે છે અને વેરી સિવિયર સાયક્લોન થઈને ૨૪ ઓક્ટોબરની આસપાસ યમનની નજીક યમનના દરિયાકાંઠાને પાર કરવાની સંભાવના છે.

# રાજ્યના ૭૯ મોબાઈલ વિક્રેતાઓને ત્યાં GST વિભાગનો સપાટો, ૩ કરોડની વસુલાત સાથે ૫૦૦ મોબાઈલ જપ્ત



અમદાવાદ,

તહેવારોની સીઝનમાં સ્ટેટ GST વિભાગે રાજ્યભરના મોબાઈલ વિક્રેતાઓ પર દરોડાની કામગીરી કરી હતી. મોબાઈલ ફોનનું બિલ વગર રોકડમાં વેચાણ થઈ રહ્યું હોવાની બાતમીના આધારે સ્ટેટ જીએસટીએ અમદાવાદ ના ૫૭ સહીત કુલ ૭૯ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં પેઢીઓ દ્વારા રૂપિયા ૨૨ કરોડની ખોટી વેરાશાખ લીધી હોવાનું સામે આવ્યું છે. જેમાં સ્થળ પર રૂપિયા ૩ કરોડની વસુલાત જ્યારે ૫૦૦ મોબાઈલ જપ્ત કરાયા હતા. ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગને મળેલ બાતમીના આધારે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભુજના ૭૯ મોબાઈલ વિક્રેતાઓ પર દરોડા કામગીરી કરવામાં આવી હતી. જેમાં સામે આવ્યું કે વિક્રેતાઓ ૨૨ કરોડની ખોટી વેરાશાખ ભોગવી કરચોરી કરી છે. વિક્રેતાઓ મોબાઈલ ફોનની ખરીદીઓ ટેક્સ-ઈન્વોઈસથી કરી તેનું રોકડેથી બિલ વગર વેચાણ કરી દેતા હતા અને ફોનની ખરીદીની વેરાશાખનો ઉપયોગ ગ્રે-માર્કેટમાંથી બિલ વગર ખરીદેલ ફોનનાં બીટુબી વેચાણોના ભરવાપાત્ર વેરા માટે કરી કરચોરી કરવામાં આવતી હતી.

તપાસમાં એ બાબતો પણ સામે આવી કે વિક્રેતાઓએ ખરીદ-વેચાણ કરેલ મોબાઈલ ફોનની કંપની, મોડેલ નંબર, કિંમત તથા આઈએમઈઆઈ નંબરનો રેકોર્ડ ઉપલબ્ધ ના હતો. કરચોરીમાં સામેલ વેપારીઓ કોઈપણ પ્રકારના હિસાબો રાખતા ના હતાં. જેના કારણે કરચોરીની રકમનો તાગ મેળવવા વિભાગના અધિકારીઓને સંખ્યાબંધ વ્યવહારોની ડેટા-એન્ટ્રી કરવાની ફરજ પડી હતી. તપાસમાં રૂપિયા ૩ કરોડની વસુલાત કરવામાં આવી અને બિલ વગરના ૫૦૦થી વધુ મોબાઈલ ફોન સીઝ કરવામાં આવ્યા.જીએસટી વિભાગે દરોડામાં કેટલાક દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. જેના અભ્યાસ બાદ કરચોરીનો આંકડો વધે એવી શક્યતાઓ રહેલી છે.

# પાંચ રાજ્યોની ચૂંટણીમાં રાજકીય પક્ષો વચ્ચે ડિજિટલ યુધ્ધ જોવા મળશે

નવીદિલ્હી,

ભાજપ, કોંગ્રેસ, બીઆરસી, આપ જેવા રાજકીય પક્ષો રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, તેલંગાણા અને મિઝોરમની વિધાનસભા ચૂંટણીઓનું માત્ર જમીન પર જ નહીં. મોબાઈલ, ટીવી અને કોમ્પ્યુટર પર પણ તેમની વચ્ચે ડિજિટલ યુદ્ધનું વાતાવરણ રહેશે. ચૂંટણી પ્રચાર માટે તમામ રાજકીય પક્ષો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી એઆઈ, એનિમેટેડ વીડિયો, મીમ્સ, પ્રાદેશિક લોકગીતોનો ઉપયોગ કરવાની તૈયારી કરી રહ્યા છે.

રાજકીય પક્ષો ચૂંટણીમાં મતદારોને પ્રભાવિત કરવા રેલીઓની સાથે ડિજિટલ પ્લેટફોર્મ પર પણ ઘણું કામ કરી રહ્યા છે. પાર્ટીઓ સાથે નેતાઓના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દરરોજ વીડિયો, મીમ્સ, એનિમેટેડ વીડિયો અપલોડ કરવામાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયાની ટીમ આ વાયરલ કરવા અને બને તેટલા લોકો સુધી પહોંચવા માટે ૨૪ કલાક કામ કરી રહી છે. ભાજપ અને કોંગ્રેસ ખાસ તૈયારીઓમાં વ્યસ્ત છે. બંને એઆઈ ટેકનોલોજીનો પણ ઉપયોગ કરશે. આ માટે રાજકીય પક્ષો તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલ અને પોસ્ટ જોઈને મતદારોની પસંદગીઓ શોધી રહ્યા છે. એઆઈ નિષ્ણાતો કહે છે કે એઆઈ ટેકનોલોજી ચોક્કસપણે સસ્તી છે, પરંતુ તેના દુપયોગની ઘણી શકયતાઓ છે. તેની મદદથી કોઈપણ નેતા કે ઉમેદવારનો અવાજ અને ઈમેજીસનું કલોનિંગ કરીને નકલી માહિતી લોકોમાં ફેલાવી શકાય છે. જે ચૂંટણી પચં સમક્ષ મહત્વનો પડકાર છે. એઆઈ ટેકનોલોજીના આગમન સાથે, આ વખતે પ્રચાર બદલાયો હોય તેવું લાગી શકે છે. અત્યાર સુધી, ચૂંટણી પ્રચાર માટે લેખકો અને વ્યૂહરચનાકારોની નિમણૂક કરવામાં આવી છે, જેઓ ચૂંટણી પ્રચાર માટે ઈ-મેઈલ અથવા પોસ્ટની વિવિધતા બનાવીને મતદારોને મોકલતા હતા. આમાં વધુ સમય અને પૈસા લાગ્યા. હવે એઆઈ વડે આ કામ ઝડપથી અને સસ્તું થઈ શકે છે. ગયા વર્ષે પણ વિધાનસભા ચૂંટણીમાં પક્ષોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક, વોટસએપ, ટિટર અને ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કર્યો હતો. તેનું કારણ એ હતું કે ચૂંટણી પંચે કોરોનાના ડરને કારણે રેલીઓ અને રોડ શો પર પ્રતિબધં મૂકયો હતો. પાર્ટીઓએ દરેક સીટ માટે અલગ વોટસએપ ગ્રુપ બનાવ્યા હતા, યાં ચૂંટણી સંબંધિત પ્રચાર સામગ્રી શેર કરવામાં આવી હતી એનિમેટેડ વીડિયો અને ટૂંકી રીલ્સ મતદારોના મન પર ઐંડી અસર કરી રહી છે. પાર્ટીઓ દ્વારા આવા વિડીયો અને રીલ જાહેર થવા લાગ્યા છે. કોંગ્રેસે છત્તીસગઢમાં ઈડીના દરોડા પાડા.

તો ભાજપે રાજસ્થાનમાં વધી રહેલા ગુનાઓને લઈને વીડિયો જાહેર કર્યો છે. રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશની સરકારોએ તેમના કામ અને યોજનાઓને લઈને સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો અપલોડ કર્યા છે.

# કેનેડામાં ફરી ભારતીય ત્રિરંગાનું અપમાન, ખાલિસ્તાનીઓએ ભારતીય દૂતાવાસ બહાર સૂત્રોચ્ચાર કર્યા

વેનકુવર,

એક તરફ ભારત કેનેડા વચ્ચે સંબંધ વણસેલા છે તો બીજી તરફ કેનેડામાં ખાલિસ્તાઓ ભારત વિરોધી ગતિવિધિને અંજામ આપવામાં લાગેલા છે. ફરી એકવાર ખાલિસ્તાન તરફી આતંકવાદી જૂથ એસએફજીએ વેનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટની બહાર ભારત વિરોધી સૂત્રોચ્ચાર શરુ કર્યો છે. આ પ્રકારની ઘટના ત્યાર થઈ રહી છે જયારે ભારત સરકાર રાજદ્વારીઓ અને રાજદ્વારી બિલ્ડીંગની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી રહ્યું છે કારણ કે વિઝા સેવાઓ ફરી સ્થાપી શકાય.

સોશિયલ મીડિયા પર જાહેર કરવામાં આવેલી તસવીરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)ના લોકો એક હાથમાં ખાલિસ્તાનનો ઝંડો અને બીજા હાથમાં કેનેડાનો ધ્વજ લઈ ફોટાઓ પડાવી રહ્યા છે. તસ્વીરોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ખાલિસ્તાન સમર્થકો ભારતીય ત્રિરંગાનું અપમાન કરી રહ્યા છે અને તેના પર ચંપલ પહેરીને ઉભા છે. અગાઉ પણ આ રીતે આતંકવાદી સંગઠન દ્વારા ભારતીય રાષ્ટ્ર્ધ્વજનું અપમાન કરવામાં આવ્યું હતું.

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. ગયા મહિને કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય ગુપ્તચર એજન્સીની સંડોવણીનો આરોપ મૂક્યો હતો, જેનો ભારતે સખત વિરોધ કર્યો હતો. ગયા મહિને જસ્ટિન ટ્રૂડોએ કેનેડાની સંસદમાં કહ્યું હતું કે, બ્રિટિશ કોલંબિયાના ગુરુદ્વારામાં હત્યા કરાયેલા નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના નક્કર પુરાવા છે, પરંતુ આજદિન સુધી કેનેડા કોઈ પુરાવા આપી શક્યું નથી.

# પાલનપુરના ૩૫ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરાયો, હવે મિલકત વેચાણ કરવા મંજૂરી જરુરી



પાલનપુર,

બનાસકાંઠા જિલ્લાના ૩૫ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૮ સુધી અશાંત ધારો નક્કી કરેલા વિસ્તારોમાં લાગુ કર્યો છે. આમ પાંચ વર્ષ માટે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. આ અંગેનુ જાહેરનામુ બહારનામું બહાર પાડવામાં આવ્યો છે. પાલનપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા આ તમામ ૩૫ વિસ્તારોમાં અશાંતધારો લગાવવામાં આવતા હવે મિલક્તોનુ વેચાણ કરવા માટે હવે જિલ્લા ક્લેકટરની મંજૂરી લેવી જરુરી બની છે.

એટલે કે જે વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે, એ વિસ્તારમાં હવે કોઈ પણ મિલકતનુ વેચાણ કરવુ હશે તો, એ અંગે મંજૂરી મેળવવી પડશે. આમ મંજૂરી વિના સીધુ જ મિલ્કતનુ વેચાણ કરી શકાશે નહીં. અશાંતધારો એ વિસ્તારોમાં લાગુ કરવામાં આવ્યો છે, અગાઉ કોમી તોફોનો કે ઘર્ષણ સર્જાયા હોય. ભવિષ્યમાં ઘર્ષણની સ્થિતિ ઉભી ના થાય એ માટે થઈને આ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. જેને વિવિધ સંગઠનો દ્વારા આવકારવામાં આવ્યો છે.

# હવે ઈઝરાયલથી છઠ્ઠી ફ્લાઈટ આવી પહોંચી દિલ્હી, ૧૪૩ ભારતીયોનું એરપોર્ટ પર ઉષ્માભેર સ્વાગત



નવીદિલ્હી,

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે સમગ્ર વિશ્વ ચિંતિત છે ત્યારે બીજી તરફ ઈઝરાયલમાં ફસાયેલા ભારતીય નાગરિકોને તેમના દેશમાં પરત લાવવા માટે ચલાવવામાં આવેલા 'ઓપરેશન અજય' હેઠળની છઠ્ઠી ફ્લાઈટ નવી દિલ્હી એરપોર્ટ પર ઉતરી હતી. જેમાં બે નેપાળી નાગરિકો સમેત કુલ ૧૪૩ મુસાફરો સલામત ભારત પહોંચ્યા હતા.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતી વખતે, વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે- 'ઓપરેશન અજયા'ની છઠ્ઠી ફ્લાઈટ નવી દિલ્હી એરપોર્ટ પર ઉતરી હતી. કેન્દ્રીય મંત્રી ફગ્ગન સિંહ કુલસ્તેએ એરપોર્ટ પર મુસાફરોનું સ્વાગત કર્યું. જણાવી દઈએ કે આ પહેલા પણ નેપાળના ૧૮ નાગરિકો સાથે ૨૮૬ ભારતીયોને લઈને ૫મી ફ્લાઈટ મંગળવારે મોડી રાત્રે નવી દિલ્હી પહોંચી હતી.

ઑક્ટોબર ૭ ના રોજ હમાસના આતંકવાદીઓએ ઈઝરાયલના શહેરો પર હુમલો કર્યો ત્યારથી ઈઝરાયેલ પણ ગાઝા પટ્ટીમાં હવાઈ હુમલાઓ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં ભારતીયોની વાપસી માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૨ ઓક્ટોબરે 'ઓપરેશન અજય' શરૂ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં ૧૩૦૦ થી વધુ લોકો ભારત પરત ફર્યા છે. દરમિયાન ઈઝરાયેલમાં માર્યા ગયેલા ૪ નેપાળી વિદ્યાર્થીઓના મૃતદેહ કાઠમંડુ લાવવામાં આવ્યા છે. આતંકવાદી સંગઠન હમાસના હુમલામાં નેપાળના ૧૦ વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા. હજુ સુધી છ મૃતદેહોની ઓળખ થઈ નથી.

# રાજદ્વારીઓની સુરક્ષામાં સુધારો થશે તો કેનેડાની વિઝા સેવાઓ ફરી શરૂ થશે : એસ જયશંકર

નવીદિલ્હી,

'કેનેડામાં વિઝા સેવાઓ ભારતીય રાજદ્વારીઓની સુરક્ષા સુનિશ્ચિત કર્યા પછી જ પુનઃસ્થાપિત કરવામાં આવશે.' કૌટિલ્ય ઈકોનોમિક કોક્લેવના સમાપન સત્રમાં પોતાના સંબોધનમાં વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે જો રાજદ્વારીઓની સુરક્ષામાં પ્રગતિ દેખાશે તો તે ટૂંક સમયમાં કેનેડિયનો માટે વિઝા સેવા શરૂ કરી શકે છે.

તેમણે કહ્યું કે ભારત દ્વારા વિઝા સેવા થોડા અઠવાડિયા માટે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી હતી. તેનું મુખ્ય કારણ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓની સુરક્ષાની ચિંતા હતી. કેનેડા રાજદ્વારીઓ માટે સલામત વાતાવરણ પૂરું પાડી શક્યું નથી, જે વિયેના કન્વેન્શનનું ઉલ્લંઘન છે.

કેનેડાએ ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યા બાદ બન્ને દેશોના સંબંધો ખૂબ જ તંગ બની ગયા છે. એટલું જ નહી કેનેડાએ ભારતના ટોચના રાજદ્વારીને ઓટાવા છોડવા પણ કહ્યું હતું. ભારતે શરૂઆતમાં નિજ્જરની હત્યામાં કોઈ સંડોવણીનો ઈક્રાર કર્યો હતો. આ પછી, બદલામાં, કેનેડિયન રાજદ્વારીને નવી દિલ્હી છોડવાનો આદેશ આપવામાં આવ્યો. આ ઉપરાંત કેનેડાના નાગરિકો માટે વિઝા સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી.


જયશંકરે કહ્યું કે જો અમે કેનેડામાં અમારા રાજદ્વારીઓની સુરક્ષામાં પ્રગતિ જોઈશું, તો અમે વિઝા સેવા શરૂ કરવાનું વિચારીશું. હું આશા રાખું છું કે આ ખૂબ જ જલ્દી થવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે જો સુરક્ષામાં સુધારો થશે તો રાજદ્વારીઓ માટે વિશ્વાસ સાથે કામ કરવું શક્ય બનશે. રાજદ્વારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ વિયેના સંમેલનનું સૌથી મૂળભૂત પાસું છે. જયશંકરે કહ્યું કે અત્યારે કેનેડામાં આવા ઘણા પડકારો છે, જેના કારણે લોકો સુરક્ષિત નથી. અમારા રાજદ્વારીઓની સુરક્ષા પણ ખતરામાં છે. રાજદ્વારીઓની સુરક્ષામાં પ્રગતિ થતાં જ વિઝા સેવા શરૂ થશે. કેનેડાના ૪૧ રાજદ્વારીઓ તાજેતરમાં ભારત છોડી ગયા છે. તેમને નવી દિલ્હી છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# ગાંધીધામના ૮૦૦ કરોડના કોકેઈનની હેરાફેરીમાં સામે આવ્યું પાકિસ્તાન કનેક્શન

ભુજ,

ગાંધીધામમાં રૂ.૮૦૦ કરોડના કોકેઈનની હેરાફેરીના કેસમાં પાકિસ્તાન કનેક્શન ખુલતા ગુજરાત ATSની ટીમ દોડતી થઈ છે. ગુજરાત ATSની ટીમ તપાસ માટે કચ્છ જવા રવાના થઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગુજરાત ATSની તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે તો અનેક આરોપીઓના નામ પણ બહાર આવી શકે છે.

ગાંધીધામમાં ૮૦૦ કરોડના કોકેઈનની હેરાફેરીના કેસમમાં ગુજરાત એટીએસની તપાસ પાકિસ્તાનનું કરાંચી કનેક્શન સામે આવ્યું છે. આ મામલે કરાંચીના હાજી



સલીમનું નામ ખુલતા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. ડ્રગ્સના નેટવર્કની તપાસ માટે ગુજરાત એટીએસની ટીમ કચ્છ જવા રવાના થઈ છે.

ગુજરાતનો દરિયા કિનારો ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ સમાન બન્યો છે. રાજ્ય અને દેશમાં ડ્રગ્સ ઘુસાડવા માટે ડ્રગ્સ તસ્કરો આ દરિયા કિનારાનો ઉપયોગ કરે છે. જેમાં પણ કચ્છના દરિયાકાંઠેથી અત્યાર સુધીમાં અનેક વખત મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો ઝડપાઈ ચૂક્યો છે. તાજેતરમાં જ ગાંધીધામમાંથી પોલીસે બાતમીના આધારે અંદાજે ૮૦૦ કરોડથી વધુ કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું.

કચ્છ પૂર્વ એલસીબીને યોગ્ય બાતમી મળતા સ્થાનિક પોલીસની ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન પોલીસે મીઠીરોહર વિસ્તારની ખાડીમાંથી બિનવારસી હાલતમાં પડેલા ૮૦ કિલોથી વધુ ડ્રગ્સના જથ્થાને કબજે કર્યો હતો. જે બાદ એફએસએલની તપાસમાં કોકેઈન હોવાનું સામે આવ્યું હતું.

જે બાદ કચ્છ પોલીસની આ મોટી સફળતાને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ બિરદાવી હતી. તેઓએ ટ્વીટ કરીને કહ્યું હતું કે, ગુજરાત પોલીસની સતર્કતાથી કચ્છના દરિયાકાંઠેથી રૂ.૮૦૦ કરોડની કિંમતનું કોકેઈન જપ્ત કરાયું છે. કચ્છ પૂર્વ એલસીબીને મળેલી બાતમીના આધારે મીઠીરોહર દરિયાકિનારે અમુક ઈસમોની શંકાસ્પદ પ્રવૃત્તિ પર નજર રાખતા તેઓ ડ્રગ્સનો જથ્થો સગેવેગ કરે તે પહેલા જ પોલીસ દરોડો પાડીને ૮૦ કિલો કોકેઈન કબજે કરે છે. જેની કિંમત રૂ.૮૦૦ કરોડ થાય છે. પૂર્વ કચ્છ પોલીસની સતર્કતા અને ડ્રગ્સ નાબૂદી અભિયાન માટેની સક્રિયતાને અભિનંદન.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.“૦૩” સને ૨૦૨૩-૨૪**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ હાઈ લેવલ કેનાલ પેટા વિભાગ-૩, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં (૦૨૮૭૨) ૨૪૧૯૨૪ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ૧ (એક) કામ માટે ઓફલાઈન ટેન્ડર, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૨.૮૫ લાખ છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩ની બેંક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ટેન્ડરની નકલ તા.૦૨/૧૧/૨૦૨૩, ૧૨-૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૦૯/૧૧/૨૦૨૩ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો.૧૦/૧૧/૨૦૨૩ ના ૧૨.૦૦ કલકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજૂર કે નામંજુર કરવાની સત્તા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણ આપવામાં આવશે નહી.

માહિતી/ગોધરા/૫૭૯/૨૦૨૩

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.“૦૧” સને ૨૦૨૩-૨૪**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ બંધ પેટા વિભાગ પાનમ બંધ સેકશન ઓફીસ, પાનમ કોલોની ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન (૦૨૬૭૨) ૨૨૧૨૯૩ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી બિલ્ડીંગ વર્કના ૧(એક) કામ માટે ઓફલાઈન ટેન્ડર બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૨,૩૦,૭૫૦/- લાખ છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩ ની બેંક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૦૩/૧૧/૨૦૨૩, ૧૨-૦૦ કલાક સુધી આપવામા આવશે તથા તા.૧૩/૧૧/૨૦૨૩ ના ૧૮,૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોસ્ટ એડી. સ્પીડ પોસ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૧૬/૧૧/૨૦૨૩ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મજુર કે નામજુર કરવાની સત્તા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/ગોધરા/૫૭૬/૨૦૨૩

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# લુણાવાડા ખાતે મિલેટ ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત કૃષિ મેળો ધાન્યપાક પરિસંવાદ કાર્યક્રમ યોજાયો




મહીસાગર, મિલેટ ડેવલોપમેન્ટ યોજના તેમજ એ.જી.આર-૩ યોજના હેઠળ ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે આધુનિક કૃષિ તાંત્રિકતા અને નવીનતમ સંશોધનની માહિતી માટે મહીસાગર જીલ્લામાં તમામ છ તાલુકાઓમાં કૃષિ મેળો અને ધાન્યપાક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત આજે લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે તાલુકા કક્ષાનો કૃષિ મેળો જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના અદયક્ષસ્થાને જીલ્લા કલેક્ટર ભાવિન પંડચાની ઉપસ્થિતિમાં યોજાયો.

આ કાર્યક્રમમાં મહાનુભાવોએ મિલેટ ધાન્ય પાકો અને પ્રાકૃતિક ખેતીના સ્વાસ્થ્યલક્ષી લાભો વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, મીલેટ વિવિધ મિનરલથી ભરપૂર હોય છે. જે શરીરમાં ઘણા પોષક તત્વો પૂરા પાડે છે, તેમજ રોગ પ્રતિકારક શકિત વધારવામાં મદદરૂપ થાય છે. આજના સમયમાં ખોરાકમાંથી મિલેટ ધાન્ય પાકો લુપ્ત થતાં જાય છે. જેથી તેનો રોજીંદા જીવનમાં વ્યાપ વધારવા સરકાર તરફથી જન જાગૃતિ વધારવા માટે અભિયાન ચલાવવામાં આવે છે. જે હેઠળ આ કૃષિ મેળાનું આયોજન કરાયું હતું.

મહાનુભાવોના હસ્તે જીલ્લાના લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરાયું હતું તેમજ પ્રાકૃતિક મીલેટ ધાન્ય પાકની સારી ઉપજ કરનારા ખેડૂતોને સન્માનિત કરવામાં આવ્યા હતા. પશુપાલન વિભાગ, ખેતીવાડી વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જીલ્લા ખેતીવાડી અધિકારી જે.આર. પટેલ, નાયબ પશુપાલન નિયામક એમ.જી. ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખ, જીલ્લા પંચાયત સભ્યો સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા કલેકટર કચેરી ખાતે બન્યું અનેરૂં વન કવચ



લુણાવાડા, સામાન્ય રીતે વાવેતરની વાત આવે એટલે ૧ ફૂટ નો ખાડો ખોદી, લીમડા, કદંબ, પેલ્ટોફોરમ, ગુલમહોર કે કશિદ જેવી પરપ્રાંતીય વનસ્પતિનું વાવેતર કરી સંતોષ મેળવી લેવાતો હોઈ છે.

હકીકતે મધ્ય ગુજરાતનાં જંગલો માં જોવા મળતી દુર્લભ પ્રજતીઓ માં આંકોલ, વાયવર્ણો, આલન, કુંભિયા, બિયો, ટેટૂ, બોંડારો, અન્દ્રખ, કુડી, ઈન્દ્રજવ, મોખો, આસિત્રો, કુસુમ વગેરે તથા મહુડા, બેહડા તથા શિમળા નાં વિશાળકાય વૃક્ષો પણ જોવા મળે છે.

ઉપર્યુકત વૃક્ષો માત્ર આપણા વનો ની શોભા જ નથી વધારતા પરંતુ, અનેક પરાગકારકો જે આ તમામ વનસ્પતિઓ નો રસ ચૂસવા આવે છે અને અતિ ઉત્તમ મધ બનાવે છે, તેમજ આ પ્રકાર ની વનસ્પતિના પુષ્પો નાં રસ પર નભતા અનેકો જીવજંતુઓ ખેતરમાં પણ પરાગનયન નું કાર્ય કરી પાક તૈયાર કરવામાં પાયાની ભૂમિકા ભજવે છે. જો આસપાસ ના વન, ગોચર, ખરાબા, શેઢાપાળા વગેરે ની જમીન પર આ પ્રકાર ના વુક્ષો આવેલા નાં હોય તો આ જીવજંતુઓ, પક્ષીઓ વગેરે ખોરાક માટે પાક ઉપર જ નિર્ભર રહે છે, પરિણામે પાક ને પણ મોટા પાયે નુકશાન થાય છે. વધુ મા આ આપણી સ્થાનિક પ્રજાતિઓ એ અતિ દુર્લભ એવી જડીબુટ્ટીઓ પણ છે.

તો આમ આવી જ સ્થાનિક પ્રજાતિઓ જે મૂળ મધ્ય ગુજરાતના વનોમાં જોવા મળે છે તથા લુપ્ત થતી જઇ રહી છે તો તેના સંવર્ધનની જવાબદારી વન વિભાગ એ ઉપાડી લીધી છે તથા કલેકટરશ્રી લુણાવાડા ની સીધી દેખરેખ હેઠળ જ આ વનનું નિર્માણ થઇ રહ્યું છે. નાયબ વન સંરક્ષક ડો. મીનલ ડી. જાની, જે પોતે પણ વનસ્પતિ શાસ્ત્રી પણ છે, અને આ પ્રકારની વનસ્પતિનાં બીજ, ધરૂં, રોપા વગેરેની સચોટ ઓળખ ધરાવે છે તથા પરિક્ષેત્ર વન અધિકારી જે.ટી. મકવાણા પોતાના ઘનિષ્ઠ પ્રયત્નો થકી આ વનસ્પતિની રોપણી થી માંડીને તમામ પ્રકારની માવજત કરી ઉછેરી રહ્યા છે.

મહિસાગર જિલ્લામાં આ પ્રકારની મૂળ સ્થાનિક અને દુર્લભ પ્રજાતિઓ થી ભરપુર આ વાવેતર ખુદ કલેકટર કચેરી કમ્પાઉન્ડ માં થઇ રહ્યું છે. વાવેતર એક ખાસ પ્રકારની Miyawaki પદ્ધતિ થી થઇ રહ્યું છે. જેમાં વૃક્ષો નો ઉત્તમ વિકાસ ખૂબ જ ટૂંકા ગાળા થશે.

## મદયાન ભોજન યોજનામાં ભરતી પ્રક્રિયામાં ગેરરીતી મામલે

# બાલાસિનોર નાયબ કલેકટર દ્વારા અપીલ કરનારને રૂબરૂ બોલાવી નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે ?


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર


બાલાસિનોર, બાલાસિનોર તાલુકામાં મદયાન ભોજન યોજનામાં તાજેતરમાં ભરતી પ્રક્રિયા યોજવામાં આવી હતી. જેમાં ભારે ગેરરીતી આચરી પૈસાના જોરે ભરતી કરાયાની બૂમ ઉઠી હતી. જેમાં અનેક જગ્યાઓ પર લાયકાત વાળા ઉમેદવારોને નિમણૂક ના મળતા અપીલ અરજી નિષ્પક્ષ તપાસની માંગ સાથે દાખલ કરવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર બાલાસિનોર તાલુકામાં મદયાહન ભોજન યોજના અંતર્ગત સંચાલક રસોઈયા અને મદદનીશ ની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જ્યારે આ યોજનામાં ભારે ગેરરીતી આચરીને ભરતી કરવામાં આવી હોવાની ચર્ચાઓ જાગતાની સાથે જ લાયકાતવાળા ઉમેદવારની જગ્યાએ ઓછું ભણેલા ઉમેદવારોની નિમણૂંક કરતા લાયકાત વાળા ઉમેદવારો દ્વારા નાયબ કલેક્ટર હિરેન ચૌહાણને અપીલ અરજી દાખલ કરવામાં આવી હતી. જે બાબતે નાયબ કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અપીલ અરજી દાખલ કરનાર અરજદારને અને ભરતી કરનાર અધિકારીને બંનેને નોટિસ આપીને બોલાવવામાં આવશે અને જો ભરતીમાં ગેરરીતી થઈ હશે, તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે અને અપીલ અરજદારોની અપીલને નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું.

# મલેકપુર મહાત્મા ગાંધી વિનય મંદિર ખાતે નવરાત્રીનું આયોજન કરાયું



મલેકપુર, શનિવારે શ્રી મહાત્મા ગાંધી વિનય મંદિર, મલેકપુરમા નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું. વહેલી સવારના રમણ્ય વાતાવરણમાં માં અંબેની આરતી શાળાના આચાર્ય શૈલેષકુમાર પટેલ, સિનિયર શિક્ષકો રમણભાઈ, શર્મિષ્ઠાબેન, હરિશભાઈ તથા શાળાના તમામ કર્મચારીઓ, શાળાના જી.એસ,એલ.આર, મોનિટર દ્વારા ઉતારવામાં આવી અને જાણે માં અંબા સાક્ષાત હાજર થઇ જાય તેવું વાતાવરણ ઉભું કરીને આરાધ્યાની સ્તુતિ કરી ગરબા શરૂ કર્યા. શાળામાં ઉપસ્થિત ૪૮૫ વિદ્યાર્થીઓ તેમજ તમામ ઉત્સાહી સ્ટાફે ગરબા ગાઈને આનંદ મેળવ્યો. લગભગ ત્રણ કલાક શાળાના પટાન્ગણ માં દરેકે ખુબ ખુબ આનંદ મેળવ્યો. શાળાના સિનિયર બે શિક્ષક તરફથી દરેક વિદ્યાર્થીઓને બુંદીનો પ્રસાદ આપવામાં આવ્યો. અને અંતે સૌ શિક્ષક મિત્રોએ ખુબ આનંદ થી નવરાત્રીનું આયોજન કરી આનંદ માણ્યો.


મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુરમાં નવરાત્રિનો રંગ જામ્યો હતો. ડીજેના તાલે યુવાનો ગરબે ઘુમ્યા હતા અને છઠ્ઠા નોરતે યુવાનો અને યુવતીઓ ગરબા ના તાલે ગમી હતી.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુરમાં દરબાર ગઢમાં માં ચામુંડા માતાજીનું હવન કરવામાં આવ્યું હતું. તેમજ ચામુંડા માતાજીના મંદિરે પણ સાંજના હવન કરવામાં આવ્યું હતું એમાં સિસોદીયા પરિવારની કુળદેવી કહેવામાં આવે છે. ત્યારે સમગ્ર સિસોદિયા પરિવાર તેમજ મલેકપુર ગામના ભકતોએ પણ શ્રીફળ હોમીને માતાજીની આરાધના કરી હતી.


# બાલાસિનોરશિક્ષક સંઘપત્ર લખ્યો કોઈપણ શિક્ષક શાળામાંપાન, માવા કે ગુટકાનું વ્યસન ન કરે

બાલાસીનોર, બાલાસિનોર શિક્ષક સંઘના દ્વારા બાલાસિનોર બીઆરસી, સીઆરસી અને શિક્ષક મિત્રોને વ્યસન કાર્યક્રમમાં જોડાવા માટે પત્ર છે, જયારે શિક્ષક આલમમાં લેખિતમાં આવાહન કરતો લખવાની રાજ્યમાં પ્રથમ સામે આવી છે.

બાલાસિનોર તાલુકા શિક્ષક સંઘના ગુજરાત સંઘના પ્રતિનિધિ સેવક અને બાલાસિનોર પ્રમુખ નટવરસિંહ પરમાર બાલાસિનોર તાલુકાના તેમજ શિક્ષકો તેમજ બીઆરસીઓને સંદર્ભિને લખવામાં આવ્યો છે.

જણાવવામાં આવ્યું છે કે, મહીસાગર જિલ્લાના પ્રાથમિક પ્રમુખ શિક્ષણ અધિકારી ડો.અવનીબા તાલુકાના મોરીની લાગણી અનુસાર આપણે મુખ્ય કોઈપણ શિક્ષક મિત્ર વ્યસન ન કરે, મુક્તિ શાળામાં પાન, માવા કે ગુટકા નું લખ્યો. વ્યસન ન કરે તેવી વિનંતી કરેલ છે. આવા આથી બાલાસિનોર તાલુકા પત્ર પ્રાથમિક શિક્ષક સંઘ પણ આ ઘટના નવરાત્રીના પાવન પર્વમાં વ્યસનમુક્તિ અભિયાન ચલાવવા પ્રાથમિક માટે કટિબંધ છે. જેથી શિક્ષક સંઘ રાજ્ય તરફથી દરેક મિત્રોને જણાવવાનું નિમેશભાઈ કે કોઈપણ શિક્ષક મિત્રોએ સંઘના શાળામાં પાન-મસાલા, ગુટકાનો દ્વારા સેવન કરવું નહીં અને કાયમી મુખ્ય ધોરણે વ્યસન બંધ કરવું. શિક્ષક સીઆરસી, સંઘ દ્વારા પત્ર લખવામાં આવતા પત્ર અનેક શિક્ષકો અભિયાનમાં જેમાં જોડાવામાટેતૈયારી બતાવી હતી.

# ઈન્ડિયા સપા-કોંગ્રેસ વચ્ચેના હોબાળા વચ્ચે અખિલેશનું નામ પણ પીએમ પદની રેસમાં સામે આવ્યું!




## અખિલેશ યાદવ પીએમ પોસ્ટર્સ: એમપીમાં સીટ શેરિંગને લઈને સપા અને કોંગ્રેસ વચ્ચેનો વિવાદ અટકતો નથી

લખનૌ, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે ખેંચતાણ વધી રહી છે. યુપીની રાજધાની લખનૌમાં એસપી ઓફિસની બહાર એક હોર્ડિંગ લગાવવામાં આવ્યું છે, જેમાં અખિલેશ યાદવને 'ભાવિ વડાપ્રધાન' ગણાવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ હોર્ડિંગ ફખરૂલ હસન ચાંદ દ્વારા લગાવવામાં આવ્યું છે. આ હોર્ડિંગ દ્વારા ફખરુલે સપા સુપ્રીમો અખિલેશ યાદવને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તમને જણાવી દઈએ કે મધ્યપ્રદેશ ચૂંટણીમાં વિધાનસભા સીટોને લઈને કોંગ્રેસ અને સપા વચ્ચે સતત સંઘર્ષના અહેવાલો સામે આવી રહ્યા છે. પરંતુ કોંગ્રેસ હાઈકમાન્ડે તેના પર અંકુશ રાખ્યો હતો, પરંતુ ભાવિ વડાપ્રધાન તરીકે અખિલેશ યાદવના હોર્ડિંગ બાદ ફરી વિપક્ષી એકતા પર સવાલો ઉભા થઈ રહ્યા છે. ચર્ચા છે કે હવે ગઠબંધનના નિર્ણય વિના તેમના કાર્યકરો અખિલેશ યાદવને ભાવિ વડાપ્રધાન માની રહ્યા છે કે પછી આ શક્તિ પ્રદર્શન છે.

તમને જણાવી દઈએ કે મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં શીટ શેરિંગ પર વાતચીત ન થઈ શકી તે પછી સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચેની શબ્દયુદ્ધ નવા ખૂણા પર પહોંચી ગઈ છે. અજય રાય પર ટિપ્પણી કરતી વખતે અખિલેશ યાદવે તેમનું સ્ટેટસ પણ માપ્યું હતું. જેના જવાબમાં યુપી કોંગ્રેસ અધ્યક્ષ અજય રાય પણ આક્રમક અંદાજમાં જોવા મળ્યા હતા. તેમણે અખિલેશ યાદવ પર આકરા પ્રહારો કર્યા. અજય રાયે કહ્યું કે જે તેના પિતાનું સન્માન નથી કરી શકતો તે આપણા જેવા સામાન્ય લોકોનું શું સન્માન કરે છે. અજય રાયે અખિલેશ યાદવને પોતાની અંદર જોવાની સલાહ પણ આપી હતી. ત્યારે અજય રાયના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું કે હવે કોંગ્રેસ પણ ક્રોસ મૂડમાં આવી ગઈ છે. જો કે અજય રાયના વળતા પ્રહાર બાદ અખિલેશ યાદવ વધુ ગુસ્સે થઈ ગયા હતા. અખિલેશ યાદવે કોંગ્રેસ પર વચન તોડવાનો આરોપ લગાવ્યો. આ દરમિયાન અખિલેશ યાદવ યુપી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અજય રાયથી ખૂબ નારાજ દેખાયા. તેમણે ખુલ્લેઆમ ચેતવણી આપી હતી કે કોંગ્રેસના વર્તન પ્રમાણે તેમને જવાબ આપવામાં આવશે.

અખિલેશ યાદવે કહ્યું કે જે નેતાઓ ટિપ્પણી કરી રહ્યા છે. તેઓએ એ હકીકત માટે પણ તૈયાર રહેવું જોઈએ કે અન્ય પક્ષના લોકો પણ ટિપ્પણી કરશે. અખિલેશ યાદવ અહીં જ અટક્યા નથી. અજય રાયનું નામ લીધા વિના તેમણે એમ પણ કહ્યું કે જ્યારે ગઠબંધન થયું ત્યારે તેમનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. અજય રાય પર નિશાન સાધતા અખિલેશે કહ્યું કે જ્યાં સુધી ઈન્ડિયા ગઠબંધનની વાત છે, તમે જે લોકોની વાત કરી રહ્યા છો તેમની પાસે ગઠબંધનમાં ખુરશી પણ નહોતી.

આ પહેલા અખિલેશ યાદવે આ નિવેદન આપ્યું હતું કે જો તેમને ખબર હોત કે ગઠબંધન વિધાનસભા સ્તર પર નથી તો તેઓ ક્યારેય તેમના નેતાઓને કોંગ્રેસના નેતાઓને મળવા ન મોકલતા. અખિલેશ યાદવે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે કોંગ્રેસે તેમની સાથે જે કર્યું છે તે રીતે તેઓ યુપીમાં જવાબ આપશે. જે બાદ લોકસભા ચૂંટણી પહેલા જ ભારત ગઠબંધન તૂટવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જો કે, ભાજપને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે ચાલી રહેલા મતભેદને પણ ઝીણવટપૂર્વક લેવાનો મોકો મળ્યો. યુપીના પૂર્વ કેબિનેટ મંત્રી સિદ્ધાર્થનાથ સિંહે અખિલેશ યાદવ પર નિશાન સાધતા તેમને દેશદ્રોહી ગણાવ્યા હતા. સિદ્ધાર્થનાથ સિંહે કહ્યું કે આ ઈન્ડિયા ગઠબંધન નથી પરંતુ ઠગ ગઠબંધન છે અને જ્યારે ઠગ ગઠબંધન ચાલે છે ત્યારે એકબીજાને છેતરવાની આદત બની જાય છે. પરંતુ યુપી કોંગ્રેસના અધ્યક્ષ અજય રાય પણ ગઠબંધન જળવાઈ રહેશે તેવો દાવો કરતા જોવા મળ્યા હતા. પરંતુ સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવે કમલનાથને નાના સમયના નેતા ગણાવીને વિવાદ વધુ વધાર્યો હતો.

મધ્યપ્રદેશમાં સીટોની વહેંચણીને લઈને સપા અને કોંગ્રેસ વચ્ચે ચાલી રહેલ શબ્દયુદ્ધ હવે બંધ થવા જઈ રહ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગેના ફોન બાદ સપા નેતાઓનું વલણ બદલાઈ ગયું છે. જે નેતાઓ ગઈકાલ સુધી કોંગ્રેસને કોસતા હતા તેઓ હવે આ અંગે વાત કરવાનું ટાળી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સૌથી પહેલા રાહુલ ગાંધીએ અખિલેશને પોતાનો સંદેશ આપ્યો. ત્યારબાદ રવિવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગેએ પોતે અખિલેશ સાથે વાત કરી હતી. માનવામાં આવી રહ્યું છે કે મધ્યપ્રદેશમાં બંને પાર્ટીઓ વચ્ચે ગઠબંધન થઈ શકે છે.સપાના એક નેતા નામ ન આપવાની શરતે કહી રહ્યા છે કે પાર્ટીએ મધ્યપ્રદેશમાં સીટો જાહેર કરી દીધી હોવા છતાં જો ગઠબંધન થશે તો અમે અમારા ઉમેદવારો પાછા ખેંચી લઈશું. નામ પાછું ખેંચવાનો વિકલ્પ હજુ ખુલ્લો છે. હાલમાં જ કમલનાથનું એક નિવેદન વાયરલ થઈ રહ્યું છે. આ નિવેદનમાં કમલનાથ કોણ અખિલેશ વખિલેશ કહેતા જોવા મળ્યા હતા. સપા વડાએ આ નિવેદનને ગંભીરતાથી લીધું છે. આ પછી તેમની તરફથી કઠોર ટિપ્પણી પણ આવી હતી

# ગુજરાતમાં ગરબા રમી રહેલા લોકોએ કર્યા ૧૧૦૦થી વધારે ઈમરજન્સી કોલ, હાર્ટ એટેક મોત બાદ સરકાર એલર્ટ

ગાંધીનગર, ગુજરાતમાં આ વખતની નવરાત્રી ખૂબ મોંઘી પડી છે. ગરબે રમતાં ઘણા લોકો હાર્ટએટેકથી મરણને શરણ થયાં છે. ગઈ કાલે જ ગરબે રમી રહેલા ૧૦થી વધુ લોકોના હાર્ટએટેકને કારણે મોત થયાં હતા. ગુજરાતમાં નવરાત્રીના છેલ્લા ૬ દિવસમાં ગરબે રમી રહેલા ૧૧૦૦થી વધુ લોકોએ ઈમરજન્સી કોલ કર્યાહતા. છેલ્લા છ દિવસમાં, હ્રદયને લગતી સમસ્યાઓ માટે ૫૨૧ ઈમરજન્સી કોલ્સ અને શ્વાસની તકલીફ માટે ૬૦૯ ઈમરજન્સી કોલ્સ એમ્બ્યુલન્સ સેવાઓને કરવામાં આવ્યા હતા. આ તમામ કોલ સાંજે ૬ વાગ્યાથી ૨ વાગ્યાની વચ્ચે કરવામાં આવ્યા હતા. એટલે કે ગરબાનો કાર્યક્રમ થઈ રહ્યો છે ત્યારે જ કોલ કરવામાં આવ્યા હતા. જેને ધ્યાનમાં રાખીને સરકાર અને ગરબા આયોજકોએ કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે. જો તમે સરકારી નોકરી કરો છો તો કામ વધારે કરવું પડી શકે છે.

વૃષભ : આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે. આજનો દિવસ સંતાન સાથે સંકળાયેલી સમસ્યાઓના નિરાકરણમાં પસાર થશે.

મિથુન : આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો.

કર્ક : આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. કોઈ પણ વિરોધીની નિંદા તરફ ધ્યાન ન આપીને તમારૂ કામ કરતા રહો. આગળ જતા સફળતા મળશે. તમે તમારા સામાજિક ક્ષેત્રે તાલ મેલ વધારવામાં સફળ રહેશો.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે. મિત્રો સાથે લાંબી યાત્રા પર જવાનું થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે.

તુલા : આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે. વાહન, જમીન ખરીદી, સ્થળ પરિવર્તનનો સુખદ સંયોગ પણ બની શકે છે.

વૃશ્ચિક : આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથીની તરફથી મોરલ સપોર્ટ મળશે.

ધન : આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. ઉચ્ચ અધિકારીઓ સાથે સારો સંબંધ બંધાશે. આજે કોઈ પણ પ્રકારના નિરાશાજન વિચારોથી બચીને રહેજો.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે.

કુંભ : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે.

મીન : આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે. રોજિંદા કામકાજમાં બેદરકારી ના રાખશો, નહીં તો લેવાના દેવા પડી શકે છે.

# પીટીસી કોલેજ દેવગઢબારીયા ખાતે તાલુકા કક્ષાનો કૃષિ મેળો અને પરિસંવાદ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ -૨૦૨૩ અંતર્ગત જાડા ધાન્ય પાકો અને પ્રાકૃતિક કૃષિ વિશે ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે તાલુકા કક્ષાનો કૃષિ મેળો વ પરિસંવાદ કાર્યક્રમ પીટીસી કોલેજ દેવગઢ બારીયા ખાતે રાજ્ય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડનાં અધ્યક્ષસ્થાને યોજાયો.

રાજ્ય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ ખેડૂતોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય તૃણ ધાન્ય વર્ષ તરીકે જાહેર કર્યું છે. આમ જોઈએ તો તૃણ ધાન્ય પાકોનું વર્ષોથી આપણે વાવેતર કરતા આવ્યા છીએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિ વ્યાપ વધારવા માટે કટિબદ્ધ છે. નાગરિકોના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ આવશ્યક બની રહી છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આરોગ્યની જાળવણી કરવા માટે પણ આપણા ખેડૂતોએ મિલેટસ ધાન્યોનું વાવેતર વધારવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને આત્મનિર્ભર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મીલેટસ ધાન્યોના ઉત્પાદનને સતત પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવી રહ્યું છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ ઉપયોગ બંધ કરી પ્રાકૃતિક કૃષિ કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. મારી સૌ ખેડૂતોને અપીલ છે કે આપણી આવનારી પેઢી અને આપણા સૌના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ કરીએ.

મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવો હસ્તે લાભાર્થી ખેડૂતોને સહાય ચુકવણી અને પૂર્વ મંજૂરી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ સ્ટોલ ઉપલબ્ધ કરવામાં આવ્યાં હતાં. જેની મંત્રી એ મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે આ પ્રસંગે, જીલ્લા પંચાયત ઉપ પ્રમુખ અરવિંદાબેન પટેલિયા, તાલુકા પંચાયત પ્રમુખ જશવંતસિંહ રાઠવા, જીલ્લા પંચાયત ના સભ્ય ઓ, જીલ્લા ખેતીવાડી અધિકારી પ્રથિક દવે, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો ડી.એલ.પટેલ, વરિષ્ટ વૈજ્ઞાનિકો ઓ સહિત ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડનાં અધ્યક્ષ સ્થાને પીપેરો ખાતે કૃષિ મેળો યોજાયો



દાહોદ,

ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ-૨૦૨૩ અંતર્ગત જાડા ધાન્ય પાકો અને પ્રાકૃતિક કૃષિ વિશે ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે તાલુકા કક્ષાનો કૃષિ મેળો વ પરિસંવાદ કાર્યક્રમ ધાનપુર તાલુકાના પીપેરો એકલવ્ય આશ્રમ શાળા ખાતે રાજય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડનાં અદયક્ષસ્થાને યોજાયો.


આ પ્રસંગે રાજય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડએ જણાવ્યું હતું કે, મિલેટસ વર્ષની ઉજવણીમાં ભારતના યોગદાન વિશે જણાવી વડાપ્રધાનના મિલેટસનો વધુમાં વધુ ઉપયોગ થાય અને દેશના નાગરિકોની તંદુરસ્તી જળવાય તેવા આહવાનને દયાને લઈ પ્રત્યેક વ્યકિતને ખોરાકમાં મિલેટ્સનો વધુમા વધુ ઉપયોગ કરવા જણાવ્યુ હતું.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, જાડા ધાન્યના ઉપયોગથી આપણે આવનારી પેઢીઓને ઘણી બધી બિમારીઓથી બચાવી શકીએ છીએ તેમ જણાવી પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં સહભાગી બની સૌને પ્રાકૃતિક કૃષિ અપનાવવા જણાવ્યું હતું.

મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવો હસ્તે લાભાર્થી ખેડૂતોને સહાય ચુકવણી અને પૂર્વ મંજૂરી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા તેમજ પશુપાલન ખાતાના વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત દ્વારા પ્રાકૃતિક ખેતી લગતા પોતાના અનુભવો વર્ણન કર્યું હતું. સૌ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં વિવિધ સ્ટોલ ઉપલબ્ધ કરવામાં આવ્યાં હતાં. જેની મંત્રી એ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે, તાલુકા પંચાયત પ્રમુખ રતનસિંહભાઈ, જીલ્લા પંચાયતના સભ્યો, જીલ્લા ખેતીવાડી અધિકારી પ્રથિક દવે, આત્મા પ્રોજેકટ ડાયરેકટર ડો.ડી.એલ.પટેલ, નાયબ પશુપાલન નિયામક અધિકારી ડો.કમલેશ ગોસાઇ, વરિષ્ટ વૈજ્ઞાનિકો ઓ સહિત ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ફતેપુરા તાલુકાના મારગાળાના ૩૪ વર્ષીય મોટર સાયકલ ચાલકને વીજ થાંભલા સાથે અકસ્માત નડતાં મોત



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મારગાળા ગામના કાનપુર ફળિયામાં રહેતો ૩૪ વર્ષીય યુવાન રવિવાર રાત્રીના સાતેક વાગ્યાના અરસામાં ઘરેથી મોટર સાયકલ લઈ મોટા નટવા ગામે સાસરીમાં જવા નીકળ્યો હતો. તેવા સમયે મારગાળા ગામમાં રસ્તા ઉપરથી પસાર થતાં પોતાના કબજાની ગાડી ઉપરથી કાબુ ગુમાવતા મોટરસાયકલ વીજ થાંભલા સાથે અથડાતા મોટરસાયકલ ચાલકને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના મારગાળા ગામના કાનપુર ફળિયામાં રહેતા મુકેશભાઈ રસિકભાઈ બારીયા (ઉ.વ.૩૪) નાઓ રવિવાર સાંજના સાતેક વાગ્યાના અરસામાં ઘરેથી પેશન પ્રો મોટરસાયકલ નંબર- જીજે.૦૭.સીએચ -૦૬૦૭ લઈ મોટા નટવા ગામે સાસરીમાં જવા નીકળ્યા હતા. તેવા સમયે મારગાળા ગામે ડામર રસ્તા ઉપરથી પસાર થતાં સમયે પોતાના કબજાની મોટરસાયકલને પુરપાટ અને ગફલત ભરી રીતે હંકારી જતાં મોટરસાયકલ ઉપરથી કાબુ ગુમાવતા રોડની બાજુમાં આવેલ ઈલેક્ટ્રીક થાંભલા સાથે પોતાના કબજાની ગાડીને અથડાવતા મુકેશભાઈ બારીયા ને માથામાં કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. જેથી આસપાસ માંથી દોડી આવેલા લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં તાત્કાલિક એમ્બ્યુલન્સ આવી પહોંચતા ગંભીર ઈજાગ્રસ્ત મુકેશભાઈ બારીયાને સુખસર સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબે મુકેશભાઈ બારીયાને મૃત જાહેર કર્યા હતા.જુવાનજોધ પુત્રનું અકસ્માતે મોત નીપજતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હોવાનું જાણવા મળે છે.

ઉપરોક્ત અકસ્માત સંદર્ભે મૃતક મુકેશભાઈના ભાઈ અરવિંદભાઈ બારીયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં અકસ્માત સ્થળના પંચનામા બાદ લાશનો કબજો મેળવી પી.એમ. માટે સુખસર સરકારી દવાખાનામાં મોકલી આપી હતી. તેમજ પી.એમ. બાદ લાશનો કબજો મૃતકના વાલી વારસોને સોંપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# દાહોદ રવાડી ખેડા ગામે બાઈક ઉપર લઈ જવાતો ૫૦ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રવાડી ખેડા ગામેથી કતવારા પોલીસે મોટર સાયકલ પર લઈ જવા તો વિદેશી દારૂનો કુલ રૂપિયા ૫૦,૫૮૦ ના પ્રોહી જથ્થા સાથે મોટરસાયકલ સાથે બે ખેપીયાઓને પોલીસે ઝડપી પાડી કુલ રૂપિયા ૧,૨૦,૫૮૦ નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ રવાડીખેડા ગામે નાખાબંધી કરી આવતા જતા તમામ નાના-મોટા વાહનોની તલાસી હાથ ધરી રહ્યા હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક મોટરસાયકલ પસાર થઈ હતી. મોટરસાયકલ નજીક આવતાની સાથે જ પોલીસે તેને ચારે તરફથી ઘેરી લીધી હતી અને મોટરસાયકલમાં ચાલક બાદલભાઈ અમરસિંહભાઈ સિસોદિયા (સાસી) અને તેની સાથેનો રાહુલભાઈ દિનેશભાઈ સાસી (બંને રહે. ગલાલીયાવાડ, તા.જી.દાહોદ) નાઓને પોલીસે ઝડપી પાડી તેઓની પાસેથી વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલો નંગ ૩૩૦ જેની કિંમત રૂપિયા ૫૦,૮૮૦ તેમજ મોટરસાયકલ ની કિંમત મળી પોલીસે કુલ રૂપિયા ૧,૨૦,૫૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સંબંધે કતવારા પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના આફવા ગામે બાઈક પુલીયા પરથી ખાડામાં પડતાં બે પૈકી એકનું મોત

દાહોદ,


દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના આફવા ગામે એક મોટરસાયકલ રસ્તાની બાજુમાં આવેલ પુલિયાના ખાડામાં પડી જતા મોટરસાયકલ પર સવાર બે પૈકી એકનું મોત નીપજયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૧મી ઓકટોબરના રોજ ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામે રહેતા પ્રભાતભાઈ સુરેશભાઈ કટારા અને તેમની સાથે સુરેશભાઈ એમ બંને જણા એક મોટર સાયકલ પર સવાર થઈ આફવા ગામની હદમાં પસાર થતા પાકા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે પ્રભાતભાઈએ પોતાના કબજાની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતા મોટરસાયકલ રસ્તાની બાજુમાં આવેલ પુલિયાના ખાડામાં ખાબકી ગઈ હતી. જેને પગલે પ્રભાતભાઈ તેમજ પાછળ બેઠેલા સુરેશભાઈને શરીરે હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા બંનેને નજીકના સ્થાનિક હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સુરેશભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ સંબંધે સાગડાપાડા ગામે તળગામ ફળિયામાં રહેતા પર્વતભાઈ દીતાભાઈ ભેદીએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# દાહોદમાં નવરાત્રીમાં ખેલૈયાઓ ગરબામાં મન મૂકી ઝુમ્યા





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ





દાહોદ,

દાહોદ શહેરમાં નવરાત્રી પર્વમાં ખેલૈયાઓએ ગરબામાં મન મૂકીને ઝૂમ્યા હતા. શહેરના તમામ ગરબા મંડળોમાં મોડી રાત્રી થી લઈ વહેલી સવાર સુધી ખેલૈયાઓની ભારે જોવા મળી હતી અને ખેલૈયાઓ ગરબા ના તાલે મોડી રાત સુધી અને વહેલી સવાર સુધી ઝૂમ્યા હતા. બીજા દિવસે દશેરા પર્વની ઉજવણી કરવા દાહોદ શહેરવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દાહોદ શહેરના પરેલ વિસ્તાર, ગોદી રોડ તેમજ ગોવિંદ નગર સહિત કેટલાક વિસ્તારોમાં રાવણ દહન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે.

દાહોદ શહેરના દેસાઈવાડ, ગોવિંદ નગર, ગોદી રોડ, પરેલ સાત રસ્તા, શાંતિ કુંજ સોસાયટી, રામાનંદ પાર્ક ગરબા મંડળોમાં નવરાત્રીના પ્રથમ દિવસથી જ ખેલૈયાઓની ભારે ભીડ જોવા મળતી હતી. મોડી રાત્રે થી વહેલી સવાર સુધી ખેલૈયાઓ ગરબે ઝુમ્યા હતા. ત્યારે બીજી તરફ દાહોદ શહેરના દેસાઈવાડ ખાતે ગરબામાં ખેલૈયાઓ ચપ્પલ વગર ગરબા રમતા જોવા મળ્યા હતા. ગરબા મંડળોની સાથે સાથે શેરી ગરબાઓમાં પણ ઘર ખેલૈયાઓએ મન મૂકીને ઝૂમ્યા હતા. મોટા ગરબા મંડળોની સાથે સાથે શેરી ગરબા એ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર જણાવ્યું હતું. નવરાત્રી નો આજે છેલ્લો દિવસ હોય છેલ્લા દિવસે નવરાત્રિમાં મન મૂકીને ગરબે રમવા માટે ખેલૈયાઓ સુસજજ બની ગયા છે. ત્યારે બીજી તરફ નવરાત્રીના અંતિમ દિવસ બાદ બીજા દિવસે દશેરા ઉપર પણ હોય દશેરા પર્વની પણ દાહોદ શહેરવાસીઓ ધામધૂમ પૂર્વક ઉજવણી કરવા માટે સુસજજ બન્યા છે. દાહોદ શહેરમાં ફરસાણના વેપારીઓ દ્વારા આપણા જલેબી બનાવવાની પૂર્વ તૈયારીઓ કરી દેવામાં આવી છે દાહોદ શહેરમાં દશેરા પર્વના દિવસે ફરસાણના વેપારીઓ દ્વારા આપણા અને જલેબીનું ધૂમ વેચાણ થનાર હોવાનું પણ કહેવાય રહ્યું છે. ત્યારે ફાફડા જલેબી ની મિજબાણી ની સાથે સાથે રાતના સમયે દાહોદ શહેરના પરેલ વિસ્તાર, ગોદી રોડ તેમજ ગોવિંદ નગર ખાતે રાવણ દહનનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# ફતેપુરાના ધુધસ ગામે જેસીબી પલ્ટી જતાં જેસીબીમાં બેઠેલ વ્યકિત દબાઈ જતાં મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ધુધસ ગામે એક જેસીબીના ચાલકે જેસીબી પલટાવી દેતા જેસીબીમાં બેઠેલ એક વ્યકિત જીસીબીના નીચે દબાઈ જવાના કારણે મોત નિપજ્યાનું, જ્યારે જેસીબી ના ચાલકને શરીરે ઈજાઓ જાણવા મળે છે.

ગત તારીખ ૨૨ મી ઓકટોબરના રોજ ફતેપુરા તાલુકાના ધુધસ ગામે દેવરાઈ ફળિયામાં એક જેસીબીના ચાલકે પોતાના કબજાનો જેસીબી પૂરઝડપે અને ભરી રીતે હંકારી લાવતો હતો તે સમયે જેસીબી અચાનક પલટી ખાઈ ગયું હતું અને જેસીબીમાં બાજુમાં બેઠેલા મોગાભાઈ હડિયાભાઈ પારગી (રહે ધુધસ, દેવરાઈ ફળિયુ, તા. ફતેપુરા જી. દાહોદ) ના જેસીબીના નીચે દબાઈ જવાના કારણે તેઓનું મોત નીપજ્યું હતું. જ્યારે ઘટના સ્થળે દોડી ગયેલ પોલીસે આ મામલે તપાસ કરતા જેસીબી ગાડીનો ચાલક ઘટના સ્થળ પરથી ખરાબ થઈ ગયો હોવાનું જાણવા મળતા પોલીસે જેસીબી ના નંબરની ઈ- ગુજકોપના માધ્યમથી સર્ચ કરતા વાહનના માલિક સુરેશભાઈ દીપાભાઇ પારગી (રહે. ધુધસ કુતીયા ભીલવાળ ફળિયુ, તાલુકો જી. દાહોદ) હોવાનું સામે આવ્યું હતું. જાણવા મળ્યા અનુસાર જેસીબી ગાડીના ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચવા પામી હતી અને માર્ગ અકસ્માત સર્જી જેસીબી ગાડીનો ચાલક ફરાર થઈ ગયો હતો.

આ સંબંધે ફતેપુરા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-દાહોદ મુકામે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત જિલ્લા કક્ષાનો નવમો એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં ઝાલોદ તાલુકાની કારઠ પ્રાથમિક શાળાનાં શિક્ષક વિરડીયા રવિકુમાર વિનુભાઈ દ્વારા ડિજીટલ TLM નામનું ઈનોવેશન રજુ કરવામાં આવ્યું.

# સ્વછતા હી સેવા અભિયાન અંતર્ગત દાહોદ તાલુકાની ધામરડા પંચાયત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સાફ સફાઈ કરવામાં આવી



દાહોદ,

મહાત્મા ગાંધીજીની 'સ્વચ્છ ભારત'ની સંકલ્પનાને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગાર્બેજ ફ્રી ઈન્ડીયાનો મંત્ર આપ્યો છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં ચાલી રહેલા વિવિધ સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમોને, આગામી વધુ બે મહિના સુધી એટલે કે તા.૧૫ ઓકટોબર થી ૧૬ ડિસેમ્બર-૨૦૨૩ સુધી લંબાવવામાં આવ્યુ છે.

આજ રોજ સ્વછતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત દાહોદ તાલુકાની ધામરડા પંચાયત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સાફ સફાઈની કામગીરી કરાવવામા આવી. જેમાં આરોગ્ય સાથે સંકળાયેલ કર્મયોગીઓ સાફ સફાઈ કરી આજુબાજુ સ્વચ્છતા રાખવા અને કચરો કચરા પેટીમાં નાખવા આહ્વાન કર્યું હતું.



સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનની સફાઈ ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે. સ્વચ્છતા હી સેવા ઝુંબેશને સફળ બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને આહવાન કર્યું છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો હેઠળ રાજ્યભરમાં આગામી બે મહિના સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલનાર છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.54

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરામાં ૮માં નોરતે ખેલૈયાઓ હિલોળે ચડયા : આખી રાત ગરબે ઝુમયા










ગોધરા,
નવરાત્રીના ૮ માં નોરતે ગોધરા હિલોળે ચડ્યું વહેલી સવાર સુંધી ગરબે ઘૂમ્યા ખેલૈયાઓ માં આદ્યશક્તિ એક જગજનની અંબાના આરાધનાનું પાવન પર્વ એટલે નવરાત્રી ગુજરાત શહીદ દેશભરમાં નવરાત્રીની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે પણ નવરાત્રીની ઉજવણી ધામધૂમ પૂર્વક થઈ રહી છે. મા શક્તિ અંબાની આરાધનાના ગરબે ઘૂમવા માટે હવે ફક્ત બે દિવસ બાકી રહ્યા છે. ત્યારે ખેલૈયા હોય આઠમા નોરતે મોડી રાત સુધી ગરબે ઘૂમી મજા માણી હતી. આ વખતે શેરી ગરબા તેમજ પાર્ટી પ્લોટોમાં પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વખતે શેરી ગરબા નું લગભગ ગોધરા શહેરમાં ૭૦ થી વધુ જગ્યાએ આયોજન કરવામાં આવ્યુ હતું. બે જેટલા પાર્ટી પ્લોટમાં વ્યવસાઈક ગરબા નું આયોજન કરવમાં આવ્યું હતું. છેલ્લા બે દિવસ ગરબા ના બાકી હોય જેને લઈ શહેર વાસીઓ મોડી રાત સુંધી અલગ અલગ જગ્યાએ ગરબા રમતા જોવા મળ્યા હતા.





















શહેરા નગરમાં પરવડી વિસ્તારમાં આવેલ અંબાજી મંદિર ખાતે માઈ ભકતો અંબે માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવતા હોય છે. અહીં આવતા ખેલૈયાઓ માતાજીના દર્શન કરીને ગરબે ઘૂમતા નજરે પડી રહ્યા હતા.

# ગોધરા સહિત જીલ્લામાં વિજયા દશમીની ઉજવણી કરાશે



ગોધરા,
ગોધરા શહેર સહિત જિલ્લાભરમાં આવતીકાલે વિજયાદશમી પર્વની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. પર્વ નિમિત્તે જિલ્લામાં ઠેર–ઠેર રાવણદહન અને શસ્ત્રપૂજન તેમજ ભવાઈ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે. તેમજ ગોધરા શહેરમાં રાવણદહન કાર્યક્રમની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જેમાં રાજસ્થાનના ડુંગરપુરના વતની નાથુલાલ દ્વારા ગોધરા શહેરમાં રાવણ દહન માટે રાવણ અને મેઘનાથનાં પૂતળા તૈયાર કરવામાં આવી રહ્યાં છે. દશેરાને હવે એક જ દિવસ બાકી રહી ગયો છે, ત્યારે તેઓ અંતિમ તૈયારીઓમાં લાગી ગયા છે. દેવી શકિતની આરાધનાનો પર્વ નવરાત્રિ મહોત્સવના સમાપન સાથે અસત્ય પર સત્યનો વિજયનું મહાપર્વ એટલે વિજયાદશમી પર્વની ગોધરા શહેર સહિત જિલ્લાભરમાં આવતીકાલે ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ગોધરામાં દશેરા પર્વને લઈને ગોધરા નગરપાલિકા દ્વારા કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અસુરી શક્તિ ઉપર દેવી શક્તિનો વિજય થયો તે દિવસને વિજયા દશમી તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન રામે રાવણ ઉપર વિજય મેળવ્યો તે દિવસે આસો સુદ દસમી હતી અને તેને દશેરા તરીકે મનાવવામાં આવે છે. ગોધરા શહેરમાં દશેરા પર્વને અનુલક્ષીને ૩૫ ફૂટનું રાવણ અને ૩૦ ફૂટનો મેઘનાથનું પ્રતિકાત્મક દહન કરી પર્વની ઉજવણી કરવામાં આવશે. જેને લઈને પૂરજોશમાં તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# ગોધરા કાંકણપુર કોલેજમાં બહેનોની ખો-ખો સ્પર્ધા યોજાઈ




ગોધરા,
ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં સમાવેશ થતી ગોધરા તાલુકાના કાંકણપુર કોલેજમાં બહેનો માટેની આંતર ખો–ખો સ્પર્ધાનું આયોજન લુણાવાડા ખાતે આવેલા વેદાંત સ્કૂલ ખાતે ૧૮/૧૦/૨૩ના રોજ યોજવામાં આવી હતી. જેમાં શ્રી જે.એલ.કે. કોટેચા આર્ટસ કોમર્સ કોલેજ કાંકણપુરની બહેનોએ પણ ખો–ખોની ટીમ રમતમાં ભાગ લીધો. જેમાં સારૂં પ્રદર્શન કરી ટીમ વિજેતા બની હતી. આજરોજ કાકણપુર જે.એલ.કે. કોટેચા આર્ટ્સ કોમર્સ કોલેજ પરિવાર તરફથી વિજેતા બનેલી બહેનોનું સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવ્યું હતું. લુણાવાડા ખાતે આવેલી વેદાંત સ્કૂલ ખાતે યોજાયેલી ખો–ખોની સ્પર્ધામાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં સમાવેશ થતી ૧૫ જેટલી કોલેજના ૨૫૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓએ ખો–ખોની રમતમાં ભાગ લીધો હતો. જેમાં કાંકણપુર જે.એલ.કે.કોટેચા આર્ટ્સ કોમર્સ કોલેજની ટીમનો ભવ્ય વિજય મેળવ્યો હતો. જેને લઈને કાંકણપુર કોલેજના ટ્રસ્ટી મૌલિનભાઈ શાહ, મંત્રી મુકેશભાઈ શાહ, કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડી.જે.પી પટેલ તથા કોલેજના સમગ્ર સ્ટાફે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# કાલોલના નાંદરખા ચોકડી પાસે અલ્ટો ગાડીના ચાલક બાઈકને ટક્કર મારી પાછળ બેઠેલ વ્યકિતે ઈજાઓ પહોંચાડી

કાલોલ,
કાલોલ તાલુકાના નાદરખા ચોકડી પાસ અલ્ટો ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લઈ પાછળ બેઠેલ વ્યકિતને પગના ભાગે ઈજાઓ પહોંચાડી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના નાંદરખા ચોકડી પાસે અલ્ટો ગાડી નં.જીજે.૦૬. ડીજી.૯૮૦૬એ પોતાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી બાઈક નં.જીજે.૧૭.પી. ૪૧૪૭ના અરવિંદભાઈ પટેલીયાની અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ મારૂતીસિંહ પ્રતાપસિંહ ચૌહાણને પગના ભાગે ઘુંટણ તેમજ શરીરે ઈજાઓ પહોચાડી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

# હાલોલ GIDC સફારી કંપની પાસે પીકઅપ ચાલકે બાઈકને અથડાવી બે વ્યકિતને ઈજાઓ પહોંચાડી ફરાર

હાલોલ,
હાલોલ જી.આઈ.ડી.સી. માં આવેલ સફારી કંપનીના ગેટ પાસે પીકઅપ ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી હંકારી લાવી સામેથી આવતી બાઈકને અથવાડી દઈ બાઈક સવાર બે વ્યકિતને ઈજાઓ પહોંચાડી વાહન સ્થળ ઉપર મૂકી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલ સફાર કંપનીના ગેટ પાસે પીકઅપ ગાડી નં.જીજે.૬.વાયવાય. ૮૨૩૨ના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈ પૂર્વક હંકારી લાવી સામેથી આવતી બાઈક નંબર જીજે.૧૭.સીડી. ૯૨૪૬ને અથડાવી દેતાં બાઈક સાવર રમેશભાઈ ડાહયાભાઈ સોલંકી અને કિરીટભાઈ બળવંતભાઈ સોલંકીને રોડ ઉપર ફંગોળી શરીરે ઈજાઓ પહોંચાડી પીકઅપ સ્થળ ઉપર મૂકી ચાલક નાશી છુટતા આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.